| | | |
|---|---|---|
| वर्ष : ११ | सने : २०१८ | सं.२०७४ |
| अंक : ३, | સળંગ અંક -७६ | અષાઢ जुलाई |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૩ જુલાઈ અષાઢ/સળંગ અંક-૭૬



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ મુનિ ભગવંતોની ઋદ્ધિ -૧

★ તૃપ્તિ - અતૃપ્તિ - ૧

★ મસૂર તીર્થ : શતાબ્દીનો શાહી ઉત્સવ - ૧


## આર્ષવાણી

**कदापि न प्रतार्यः स्यात्,**

**स्वपतिः सुकुलस्त्रिया।**

**यथादिष्टेन सञ्चर्यं,**

**पेयञ्च चरणोदकम् ।।**

કુળવાન સ્ત્રીએ પોતાના પતિને ક્યારેય ન ઠગવો. પતિના આદેશ મુજબ રહેવું અને પતિના પાદપ્રક્ષાલનનું પાણી પીવું.

જે સ્ત્રી શીલવતી હોય, જેની ભાષા કોમળ હોય, પતિની ભક્તા હોય, પતિની ઈચ્છા પ્રમાણે વર્તનારી હોય, પતિના વિશ્રાંતિ માટેની ભૂમિ જેવી હોય તે સ્ત્રી ઘરની શોભા છે.





- પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

આખું જગત માને છે, સમજે છે, સ્વીકારે છે કે જૈન મુનિવરો અકિંચન પરિગ્રહ વગરના હોય છે. બાહ્ય પરિગ્રહ વગરના ગણાતા એ મુનિવરો પાસે અંતરની રિદ્ધિનો પાર હોતો નથી. અભ્યંતર ઋદ્ધિની સમૃદ્ધિ દ્વારા આવા મુનિવરોને ઈન્દ્ર સાથે સરખાવ્યા છે. ઈન્દ્રની ઋદ્ધિમાં તો અનેક ઉપાધિઓ રહેલી છે. મુનિવરોની ઋદ્ધિ તો ઉપાધિરહિત છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જ્ઞાનસારના ૨૦મા સર્વસમૃદ્ધિ અષ્ટકમાં આ વાત જણાવે છે. 'બાહ્ય દૃષ્ટિ-પ્રચારેષુ, મુદ્રિતેષુ મહાત્મનઃ ; અંતરેવાવભાસન્તે, સ્ફુટાઃ સર્વાઃ સમૃદ્ધયઃ ।।૧।। સમાધિર્નન્દનં ધૈર્યં, દંભોલિઃ સમતા શચી; જ્ઞાનં મહાવિમાનં ચ, વાસવશ્રીરિયં મુનેઃ ।।૨।।

**ભાવાર્થ :** ઈન્દ્રિયોના વિષયસેવન આદિ બાહ્યદૃષ્ટિનો પ્રચાર બંધ થતાં મહાત્માઓને પોતાના આત્મામાં જ સર્વ સમૃદ્ધિઓ સ્પષ્ટ દેખાય છે.

મુનિવરોની સમૃદ્ધિને બતાવતાં જણાવે છે : મુનિને ધ્યાતા - ધ્યાન અને ધ્યેયની એકતાવાળી સમાધિસ્વરૂપ નંદનવન (વિહરવા - ક્રીડા કરવા માટે), હથિયાર તરીકે ધીરતારૂપી વજ્ર, સમતારૂપી ઈન્દ્રાણી અને સદ્બોધ - જ્ઞાનરૂપ મહાન - વિશાળ વિમાન છે.

પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષયોમાં મુનિવરો રમતા નથી. મુનિવરો તો વિષયોથી પર છે, પરાંગમુખ - વિમુખ છે. વિષયોને અનાજ તરીકે નહીં, ફોતરા તરીકે માનતા હોવાથી તેમને એમાં રસ પડતો નથી. પાંચે ઈન્દ્રિયો ને મન હોવા છતાં રાગ - દ્વેષથી રહિત સમભાવવાળા હોવાના કારણે તેઓને ખાવા-પીવાની ક્રિયા કરવા છતાં કર્મનો બંધ થતો નથી. 'વંદિત્તુ' સૂત્રમાં જણાવ્યા પ્રમાણે સમ્યગ્દૃષ્ટિજીવને તો અલ્પકર્મબંધ હોય છે, કારણ, આત્મપરિણામ એવા હોય છે કે તે નિર્ધ્વંસભાવથી પાપ કરતો નથી. હા, પાપ તો કરે જ છે. જ્યારે મુનિવરો તો નિષ્પાપ જીવન જીવે છે.

ઈન્દ્રાદિનો બાહ્યવૈભવ પુણ્યાધીન છે. પુણ્ય ખતમ થતાં જ વૈભવથી જીવનો વિયોગ થાય છે, ભલે પછી તે ભવ પૂરો થાય કે ન પણ થાય ! જ્યારે મુનિવરનો ગુણવૈભવ આંતરિક હોવાના કારણે, ઔદયિક નહિ પણ ક્ષાયોપશમિકભાવનો

હોવાના કારણે ગમે ત્યારે તેનો વિયોગ થતો નથી.તેટલું નુકશાન કરતો નથી.

સંસારીજીવને વૈભવનો વિયોગ થતાં જ સંક્લેશ પેદા થાય છે. દુર્ધ્યાનની દુષ્ટ પરંપરા સર્જાય છે. એ દુર્ધ્યાન દુર્ગતિનું સર્જન કરી આપે છે. માટે જ પુણ્યના ઔદયિકભાવનેય શાસ્ત્રકારો જોખમી ગણાવે છે. ઔદયિકભાવ સાથે સમ્યગ્દર્શન જોડાયેલું ન હોય અથવા મિથ્યાત્વ જોડાયેલું હોય તો અનર્થની પરંપરા ઊભી થઈ શકે છે. અધ્યાત્મની દિશા ન મળી હોય અને પુણ્યનો ઉદય થાય તો જીવની પાયમાલી સર્જાય. ભૌતિકજગતના માંધાતા ગણાતા ચક્રવર્તીઓ પુણ્યના ઉદયને જો અંતસુધી વળગી રહ્યા તો સાતમી નરકમાં પહોંચી ગયા ! મતલબ, પુણ્યના ઉદયમાં રાગી - રતિભાવવાળો કે આસક્ત બન્યો તો દુઃખો અને દુર્ગતિ તેનો જીવનપથ બને છે. આગામી કૈં કેટલાય ભવો બગડે છે. સામે પક્ષેઃ એ જ ચક્રવર્તી જો આટલી સત્તા ભોગવ્યા પછી, આટલાં આટલાં યુદ્ધાદિનાં ભયંકર પાપો કર્યા પછી ચારિત્રના માર્ગે ચઢી જાય... અધ્યાત્મની દિશા પકડી લે... રાજપાટને છોડી વિરાગની મસ્તી માણી લે તો મોક્ષ અથવા સ્વર્ગ જ તેના માટે રાહ બની રહે છે. ઊંડી ખાઈમાં પટકાવું કે ઊંચા શિખર પર આરોહણ કરવું તે તેના જ હાથમાં છે.

મુનિની મસ્તી પણ એટલા જ માટે બેનમૂન છે, કેમ કે એ મસ્તી માટે બાહ્ય પદાર્થની ક્યારેય અપેક્ષા હોતી નથી. અંદરની - અધ્યાત્મની - આત્માની એ સહજ મસ્તી હોય છે. બાહ્ય ઋદ્ધિ ગમે તેટલી હોય પણ જો એમાં મસ્તી જ ન હોય તો એ શું કામની ? કેટલાક લોકો દુનિયામાં એવા જોવા મળે છે કે જેઓ ભૌતિક પદાર્થો મેળવવાનું પુણ્ય ધરાવે છે પરંતુ ભોગવવાનું પુણ્ય એની પાસે નથી હોતું ! અહીં એટલું યાદ રાખવું કે પદાર્થની પ્રાપ્તિ પુણ્ય વિના થતી નથી પરંતુ ભોગવવાની ઈચ્છા પાપવગર થતી નથી. માટે એને ભોગવવાની ભાવનાને દબાવીને ત્યાગની ભાવના જ જગાડવા જેવી છે. ભોગવવાની ઈચ્છા કે ભોગવટો નવું જાલિમ પાપ બંધાવે છે. એ પાપનો ઉદય દુર્ગતિમાં ભટકાવી જીવનો વિનાશ નોંતરે છે. વિકાસની જીવનયાત્રા વિનાશની ખાઈમાં તબદિલ થાય છે. અજ્ઞાનતા અને ભૌતિકવાદનો સરવાળો આ જ છે.

ભૌતિકજગત કરતાં આધ્યાત્મિક જગત ખૂબ જ વિશાળ છે. ત્યાં સહજ આનંદનો પાર નથી. મુનિવરો ભૌતિકગજત સાથે છેડો ફાડી અધ્યાત્મ જગતમાં મસ્તી માણતા હોય છે, તેથી જ તો એ હંમેશા પ્રસન્ન રહે છે. સંસારીજીવો તો ધન-



માલ-મિલકત-વૈભવ-સત્તા વચ્ચે પણ ઉદાસ-ઉદ્વિગ્ન-હતાશ-નિરાશ રહેતા જોવા મળે છે. નિશાશા નાખતા જોવા મળે છે. ભૌતિકસુખના ગુલામ જીવોની સ્થિતિ જ્ઞાની ભગવંતો માટે વિશેષ વિરાગભાવને દઢ-સુદઢ બનાવનારી હોય છે.

ઈન્દ્ર ભલે ઋદ્ધિવંત ગણાતો હોય, દેવલોક - દેવવિમાનો - ઈન્દ્રાણીઓ, દેવાંગનાઓ, હીરા-માણેક-મોતી-ઝવેરાત-વિષયોની અઢળક સામગ્રીથી યુક્ત હોય પરંતુ રિસાયેલી ઈન્દ્રાણીને મનાવવા જેવી અને ઈન્દ્રિયોને મનાવવા જેવી ગુલામી તો કરવી જ પડે છે. ખરી આઝાદી તો અધ્યાત્મના ફિરસ્તા ગણાતા મુનિવરો જ ભોગવે છે. ભોગની વિપુલ સામગ્રી વચ્ચેય સંક્લેશ અનુભવનારા શહેનશાહો ક્યાં અને ભૌતિકપદાર્થોની ભૂતાવળ વગરના - જંજાળ વગરના ફકીર ગણાતા મુનિવરોની સમાધિ ક્યાં ?

ઘર કરતાં બગીચા-ઉપવનમાં આનંદ વિશેષ હોય છે. તે જ વાતને આગળ કરી ઉપમા પૂર્વક મુનિવરોની આનંદ - મસ્તી બતાવતાં કહે છે : 'સમાધિર્નન્દનં' મુનિવરો તો નંદનવન જેવી સમાધિ - મસ્તી - આનંદની અનુભૂતિ કરે છે. મળેલી સામગ્રીમાં સંતોષ જ ન હોય તો સમાધિ ક્યાંથી મળે ? સમાધિ - સમાધાન ન હોય તો ભોગની ગમે તેટલી સામગ્રી મળે તોય શું કામની ? ઘડિયાળના લોલકની જેમ રાગ-દ્વેષનું લોલક જો ફર્યા જ કરતું હોય...સ્થિરતા જ ન હોય તો ચિત્તસ્વાસ્થ્યરૂપ સમાધિનો લેશ પણ ક્યાંથી અનુભવાય ? ચિત્તમાં અશાંતિ - અજંપો - ક્લેશ - સંક્લેશ - બળાપો - ઊથલ-પાથલ ચાલતી હોય તો આનંદ ક્યાંથી મળે ? આ આનંદનું સાધન ક્યાં મળે? કેવી રીતે મળે ? એને મેળવવાની રીત કઈ ? એને ટકાવનાર કોણ ? આ બધા સવાલોના જવાબોની શોધ કરવી પડે. શોધ થયા પછી સાચો બોધ થવો જોઈએ. શોધ અને બોધ થયા પછી એની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરવો પડે છે.

જેની પાછળ, જે સુખ-સુખનાં સાધનો પાછળ અઢળક દુઃખનાં ધાડાં ઊતરી જ આવે છે, એવાં સુખો પુણ્યથી મળી જાય છે . જ્યારે અધ્યાત્મનાં સુખો (જેને સુખ કરતાં આનંદ નામ આપવું વધારે સારું ગણાય.) તો પુણ્ય નહીં ; મુખ્યત્વે પુરુષાર્થ માગે છે. મતલબ, પુરુષાર્થ વગર (પુણ્યથી) સુખ મળશે પરંતુ આનંદ તો નહીં જ મળે.

મુનિવરની રિદ્ધિ ગણાવતાં આગળ કહે છે - 'ધૈર્યં દંભોલિઃ' એટલે કે ઈન્દ્ર પાસે વજ્ર નામનું હથિયાર છે તો મુનિવરો પાસે 'ધીરતા' નામનું શસ્ત્ર છે. તમામ ઉપસર્ગો - પરિષહો પર વિજય મેળવવો હોય તો ધીરતા જ જોઈએ. માન - અપમાનમાંય ચિત્તને સંક્લેશથી બચાવવા માટે એ ધીરતા જ અમોઘ શસ્ત્ર પુરવાર થયેલ છે. મૃત્યુને મહોત્સવ બનાવવા માટે પણ આ ધૈર્યબળ જ કામિયાબ નીવડે છે. ધીરજ વગરનો માનવ તમામ ક્ષેત્રે રિબાય છે. 'ધીરજનાં ફળ મીઠાં'- આ કહેવત એ જ સૂચવે છે કે - ધીરજ તમામ ક્ષેત્રોમાં આવકાર્ય છે. ધીરજ નામનો ગુણ તમને બધે જ વિજય અપાવે છે. વિજયમાળા વરવી હોય તો જીવનમાં ધીરતાને પ્રથમ સ્થાન આપો. સંસારના ઘણા પ્રશ્નો આ ધીરજથી ઊકેલી શકાય છે. દોરીનું ગૂંચળું વળી ગયું હોય તો ધીરજથી ઊકેલી શકાય છે. ધીરતા ગુમાવી બેસનારો ગૂંચળું ઊકેલી નહીં શકે પરંતુ અખંડ દોરાને ટુકડાઓમાં વિભાજીત કરી દેશે. માટે જ ધીરજ જોડનારી છે, અધિરાઈ તોડનારી છેઃ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અધ્યાત્મના ક્ષેત્રમાંથી ધીરતા ખૂબ જ મહત્ત્વનો ગુણ છે, વિજય અપાવનારો છે.

દુનિયાનાં તમામ શસ્ત્રો - હથિયારોમાં પ્રચંડ શક્તિશાળી શસ્ત્રમાં વજ્રની ગણના થાય છે.! એનાથી ચઢિયાતું શસ્ત્ર વિશ્વમાં ક્યાંય નથી. હા, કદાચ તેવા પ્રકારનું કોઈ શસ્ત્ર શોધાય કે જે વજ્રથી ચઢિયાતું હોય....પરંતુ અભ્યંતર જગતમાં કોઈ શસ્ત્ર નહિ શોધાય કે જે ધૈર્યથી મહાન હોય ! ઉતાવળ - ઉંછાછરાપણું વગેરે દોષો-દુર્ગુણો પર વિજય મેળવી આપનારું શસ્ત્ર છે ,ધીરતા.

અધિરાઈ ચિત્તને ખંડિત કરે છે. નંદવાતા ચિત્તને સાંધવાનું કામ કરે છેઃ ધીરતા. ધીરજની તાકાત હંમેશા અગ્રેસર પુરવાર થઈ છે. એ તાકાતને પડકારનાર કોઈ નથી. ગમે તેવા પ્રશ્નો ઉપસ્થિત થયા હોય... ગમે તેવી આંટી-ઘુંટી ઊભી થઈ હોય...વિકટ વિષમતા સર્જાઈ હોય.... ધીરજથી વિચારશો તો રસ્તો ચોક્કસ નીકળશે. સમાધાન જરૂર મળશે. તે જ રીતે નંદવાતા ક્ષમા - ઉદારતા - સ્થિરતા આદિ ગુણોને અખંડ રાખવાનું કામ કરે છેઃ ધીરતા. એ કટોકટીરૂપી પહાડોને પણ ભેદી નાખનારું વજ્ર છે. અન્ય તમામ શસ્ત્રોને નિષ્ફળ બનાવનારું સફળ શસ્ત્ર ધીરજ છે.

(ક્રમશઃ) ધ





- પૂ. આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

શ્રી અરિહંતદેવ પ્રસ્થાપિત પરમપવિત્ર જૈનશાસનમાં દીક્ષાને જ મુક્તિનો રાજમાર્ગ ગણાવ્યો છે. દુનિયામાં રહીને દુનિયાથી પર જીવન જીવવાની ક્રિયા જૈન મુનિવરોની છે. દુનિયાથી વિરુદ્ધ પ્રવાહે તરવાનું દુષ્કર કાર્ય તેઓ કરે છે. દુનિયાની 'આઠમી અજાયબી' જૈન સાધુ છે ! દુનિયા ન માની શકે, પશ્ચિમના દેશવાસીઓને અશક્ય લાગે તેવું સુંદર સંયમજીવન તેઓ જીવે છે. જાવજ્જીવના સામાયિક સાથે પાંચ મહાવ્રતનો મેરુભાર તેઓ ઉપાડે છે.

યોગશાસ્ત્રમાં જૈનશ્રમણનો પરિચય આપતાં જણાવ્યું છે કે - પાંચ મહાવ્રતને (રાત્રિ ભોજન વિરમણ વ્રત સાથે ગણીએ તો છ) ધારણ કરનારા, ભિક્ષામાત્રથી જ જીવન જીવનારા ( અર્થાત્ પોતે રાંધવાદિની ક્રિયા નહિ કરવા - કરાવનારા કે નહિ અનુમોદનારા) જાવજ્જીવ માટે પાપ કરવા, કરાવવા કે અનુમોદવાનાં પચ્ચકખાણરૂપ સામાયિકમાં રહેલા અને માત્ર ધર્મનો જ ઉપદેશ આપનારા હોય તે જૈનશ્રમણો છે. મતલબ એ થયો કે તેમનું જીવન હંમેશ માટે નિષ્પાપ છે. સંસારી જીવને ડગલે ને પગલે પાપનો બંધ થાય છે. જીવન તો મુનિઓય જીવે છે. ખાવા-પીવાની ક્રિયા તો જૈનશ્રમણોય કરે છે. બેસવા-ઊઠવાની જરૂર તો સંયમીઓનેય હોય છે. ચાલવાની જરૂર સાધુઓને પડે છે. ઊંઘવાની જરૂર એ દીક્ષિત આત્માઓનેય પડે છે. બોલવાનું તો મુનિઓનેય હોય છે. છતાંય એ તમામ ક્રિયા જયણાપૂર્વક, જિનાજ્ઞા મુજબ થતી હોવાથી તેઓને કર્મનો બંધ થતો નથી. માટે જ તો શ્રીદશવૈકાલિક સૂત્રમાં જણાવ્યું કે - જયં ચરે, જયં ચિટ્ઠે, જયમાસે, જયં સયે; જયં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ. (ચાલવાની, બેસવા-ઊભા રહેવાની, સૂવાની, ખાવાની - બોલવાની ક્રિયા જયણા પૂર્વક કરવામાં આવે તો પાપ કર્મનો બંધ થતો નથી.)

સામાન્યથી 'ક્રિયાએ કર્મ' એવું જૈન શાસન ફરમાવે છે. મતલબ, કોઈપણ ક્રિયા કરો તો કર્મ બંધાય છે. હા, શુભક્રિયાથી શુભ અને અશુભક્રિયાથી અશુભ કર્મ બંધાય છે. કાશ ! મુનિવરોને પુણ્ય - શુભ કર્મબંધની પણ અપેક્ષા હોતી નથી.

કારણ, અંતે તો પુણ્યકર્મ પણ સંસારમાં જકડી-પકડી રાખે છે. પુણ્યકર્મ પણ બેડી જ છે. બેડીમાં જકડાવવાનું - પુરાવાનું મન કોને હોય ? શ્રમણો તો જેલની બેડી કરતાં વધારે કર્મની બેડીથી દૂર ભાગે છે, ડરે છે, સાવધ રહે છે. અરે ! જેલની હવા ખાવી પડે તેવી કોઈ જ કાર્યવાહી જૈનમુનિવરો ક્યારેય કરતા જ નથી. મૃત્યુનો ડર જેમને નથી તેઓ શારીરિક દુઃખોથી ક્યાં ડરવાના? જેને જીવવાનો રાગ હોય તેને મોતનો ડર હોય. જેને દેહ - કાયાનો રાગ હોય તેને શરીરના રોગનો ડર કે પીડા હોય...મહાત્માઓ તો રાગ - દ્વેષથી પર હોય છે, દ્વેષ ન હોવાથી દુશ્મનનોય ભય-ડર તેમને નથી હોતો !

મોહગ્રસ્ત સંસારી જીવોને ડગલે ને પગલે ભય, કર્મબંધ હોય છે. નિર્મોહીને ભય કે કર્મબંધ ન હોય. મોહનું સામ્રાજ્ય ગૃહસ્થો પર છવાયેલું હોય છે, અણગારો પર નહીં. જેમની પાસે જ્ઞાનનો પ્રકાશ હોય, અંતઃકરણ વૈરાગ્યથી વાસિત હોય, જિનાજ્ઞાનું કવચ (બખ્તર) પહેરેલું હોય તેને રાગનો રંગ ક્યાંથી ચઢે? રાગ તો એનાથી કેટલાય યોજન દૂર રહેતો હોય છે !

એમનાં નેત્રો નિર્વિકારી હોય છે. એમને સ્ત્રીના દેહમાં રૂપનાં નહિ; ચામડાં, મળ-મૂત્ર-લોહી-પરુ-માંસ-મજ્જાદિ ભયંકર ખદબદતી અશુચિનાં દર્શન થાય છે. બાર દ્વારથી વહેતી - નીકળતી અશુચિ તેમને દૃષ્ટિગોચર થતી હોય છે. આવા ગંધાતી ગટર જેવા અપવિત્ર- ગંદા શરીરમાં રાગ ક્યાંથી થાય ? માટે જગતને જ્ઞાનચક્ષુથી જોવાનો પ્રયત્ન કરવા જેવો છે. ઘણાં કર્મોથી તથા ઘણા વિવાદો - વિખવાદોથી બચી જવાશે. રાગ હોય કે દ્વેષઃ બેમાંથી એકેય પજવશે નહિ. સૃષ્ટિ (જગત) ને બદલવી શક્ય નથી માત્ર દૃષ્ટિને બદલવાની છે, જે શક્ય છે. દૃષ્ટિ બદલાયા પછી જગત એ જ, એવું જ હોવા છતાં એની કોઈ જ ખરાબ અસર આત્મા પર થતી નથી, બલ્કે વૈરાગ્ય જ પ્રબળ થતો જાય છે. માટે જ તો જ્ઞાનગર્ભિત વૈરાગ્યને જ તારક અને સાચો વૈરાગ્ય કહ્યો છે.

આખા મગધવાસીઓને મોહિત કરનારી, અરે ! પૂર્વાવસ્થામાં (જ્યારે રાગભરી દૃષ્ટિ હતી, જ્ઞાનચક્ષુનો ઉઘાડ નહોતો થયો, વિવેકનો અભાવ હતો પોતાને જ રાગી -મોહી બનાવનારી કોશા વેશ્યા...મુનિવર સ્થૂલભદ્રજીને ક્યાં રાગી બનાવી શકી ? ત્યારે તો એ મુનિવર કોશા સાથે સંવાદમાં કહે છે : પૂરવે રમિયા રંગ રોલે ,



આજ તું પગ - મોજડી તોલે...અર્થાત્ મોહમદિરાનું પાન કર્યું હતું ત્યારે ભાન નહોતું... તેથી રંગભર રમ્યા હતા... હવે સદ્ગુરુ અને સમ્યગ્જ્ઞાનના માધ્યમથી વાસ્તવિકતાનો પરિચય થવાથી આજે તારું સ્થાન પગની મોજડીની જગ્યાએ છે, એથી વિશેષ નહીં જ ! કોશા રિસાઈ જતી. સ્થૂલભદ્ર તેને મનાવતા . એની યાદી આપતી પં.શ્રીવીરવિજયજી મ.ની શીયલવેલની સજ્ઝાયની કડી છે : રિસાવી - મનાવી મુજને સાંભરે...હા... સંવાદ તો ખૂબ લાંબો છે. સાર એટલો જ નીકળ્યો કે જૈન શાસનની દીક્ષા - ભાગવતી પ્રવ્રજ્યા કેવી મહાન છે ? રાગીને વિરાગી, મોહીને નિર્મોહી, ભોગીને ત્યાગી, ક્રોધીને ક્ષમાશીલ, અભિમાનીને નમ્ર, માયાવીને સરળ, લોભીને સંતોષી, પરિગ્રહીને અકિંચન, હિંસકને અહિંસક, જૂઠને સત્યવાદી, ચોરને શાહુકાર, આસક્તને અનાસક્ત, કામીને નિષ્કામી, પાપીને પાવન, પામરને સાત્ત્વિક, વિષાદીને ઉત્સાહી, અધર્મીને ધર્મિષ્ઠ, ભોગરસિકને યોગરસિક, ભૌતિકને આધ્યાત્મિક, પુદ્ગલાનંદીને આત્માનંદી બનાવે છેઃ સંયમ.

સંસારી વેષને ઉતારી મુનિવેષનું પરિધાન કરતાં જ આત્માના દેદાર બદલાઈ જાય. જગતને સલામ ભરનારો (વંદન કરનારો) તે ત્રિજગત વંદનીય બની જાય છે. ઈન્દ્રો અને ચક્રવર્તી જેવા મહારાજાઓય તેમને નમસ્કાર કરે છે ! માનવો તેમની સ્તુતિ-સ્તવના કરે, વંદન-ભક્તિ કરે એમાં નવાઈ શું છે ?

આવી ભાગવતી - નિષ્પાપ દીક્ષા ગ્રહણ કરે તે તો ધન્યવાદને પાત્ર જ હોય એમાં શંકાને સ્થાન નથી, પરંતુ શાસ્ત્રકાર નોંધે છેઃ ધન્ના હુ બાલમુણિણો, કુમારવાસંમિ જે પવ્વઈયા ; નિજ્જિણિઊણય અણંગં , દુહાવહં સવ્વલોઆણં, અર્થાત્ તે બાલમુનિવરોને ધન્ય છે કે જેઓએ કુમાર અવસ્થામાં જ (લગ્નનાં બંધનોમાં જકડાયા પૂર્વે જ, ભુક્તભોગી થયા વગર જ ) પારમેશ્વરી પ્રવ્રજ્યા - દીક્ષા અંગીકાર કરી લીધી છે.

ધન્યવાદ આપવાનું કારણ બતાવતાં જણાવે છે : વિશ્વના સમગ્ર જીવોને દુઃખ આપનાર અનંગ - કામદેવ - વિષયો છે. તે દુઃખદાયક કામદેવને તેઓએ જીતી લીધો છે. મતલબ, ભલ-ભલા માંધાતા, હરિ-હર-વિષ્ણુ-બળદેવાદિને પણ આ રતિપતિ - કામદેવ પામર બનાવી દે છે. ધરતીને ધ્રુજાવનારોય સ્ત્રીની સામે ઘુટણિયાં ટેકવી દે છે. બત્રીશ લાખ વિમાનનો માલિક સૌધર્મેન્દ્ર કદાચ સંખ્ય -

અસંખ્ય દેવી - દેવતાઓ પર આધિપત્ય જમાવતો હશે / હોય છે. મધ્યખંડના અડધા ભાગનો માલિક ગણાય છે. અચલ સિંહાસન પર બેસી બધાનું અનુશાસન કરે છે, પરંતુ પોતાની રિસાયેલી ઈન્દ્રાણીને મનાવવાનું કાર્ય કરવા એ મજબૂર બને છે. આ છે કામદેવનો પ્રભાવ.

બધાનો એ રાજા છે પણ સ્ત્રી (ઈન્દ્રાણી) નો તો એ સ્પષ્ટ ગુલામ જ છે ! આખી દુનિયા જેનાં ચરણ ચૂમે - નતમસ્તકે રહે તે બાદશાહ-શહેનશાહ સ્ત્રીના પગ ચાટે છે. આનાથી મોટી કામની વિટંબણા બીજી કઈ હોઈ શકે? અશુચિથી મોં મચકોડનારો, નાક બંધ કરનારો, જુગુપ્સા વ્યક્ત કરનારો, દૂર ભાગનારો અશુચિમય સ્ત્રીની કાયાના પાશમાં પડ્યો રહે છે.! મોહની નર્તિકા બનીને નાચે છે ! ટોચના ઊંચા પદે પ્રતિષ્ઠા પામેલા જીવોનેય રમાડે તેનું નામ છે 'રામા' ! સમગ્રસૃષ્ટિના માનવોને બાનમાં રાખનારો, શસ્ત્રોથી પરાજિત કરનારો તે પુરંદર કે રાજા સ્ત્રીથી નહિ, સ્ત્રીના માત્ર વચનબાણથી વિંધાઈ જાય છે! શસ્ત્ર વગરની એ કવાયતમાં સ્ત્રીની જીત થાય છે , મર્દાનગી ક્યાં જાય છે પુરુષની ? આવી સ્ત્રીને અબળા ક્યાંથી-કેવી રીતે કહેવાય ? વચનબાણથી વિંધાવાની વાતને બાજુમાં રાખીએ. માત્ર હાવ - ભાવ- લટકા - ચટકા કે આંખના ઈશારે એ સ્ત્રી ઈન્દ્ર - નરેન્દ્રનેય નચાવે છે ! ચમરબંધીનેય પાણી-પાણી કરી દે છે.

હા, આ બધી જ વાત મોહના ગુલામ બનેલા, કામના દાસ બનેલા, ભોગના ભૂખ્યા જીવો માટે બરાબર છે. પરંતુ સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શનની મહામૂલ્યવાન, મહાશક્તિશાળી ભેટ મેળવી ચૂકેલા સંયમી આત્માઓ માટે નહીં; જુઓ, બાલ્યવયમાં જ દીક્ષિત બનેલા વજ્રસ્વામી! રૂપવતી રુક્મિણી કન્યા, સોનામહોરોની થેલી વગેરે બધું જ હોવા છતાં પોતે તો મોહાધીન ન જ બન્યા....બલ્કે એ કન્યાનું મોહ-ઝેર ઉતારી વૈરાગ્યવાસિત બનાવી દીધી !! આ જ તો સાચી 'કળા' છે. આ જ તો સમ્યગ્દર્શન અને શીલધર્મનું 'નજરાણું' છે. મોહરાજા પરની લડાઈમાં જોરદાર 'જીત' છે. ત્યારે જ તો 'ધન્ના હુ...'કહીને સ્તુતિ કરી છે. હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. મસ્તક નમાવીને પ્રશંસાનાં પુષ્પોથી સ્વાગત કર્યું છે.

(ક્રમશઃ) ધ



# ★ તૃપ્તિ - અતૃપ્તિ - ૧ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વજી મ.સા.**

**धनेषु जीवितव्येषु, स्त्रीषु चान्नेषु सर्वदा ।**
**अतृप्ता : प्राणिन : सर्वे, याता यास्यन्ति यान्ति च ।।**

સંસારની ચારે ગતિમાં રહેલા, પાંચે ઈન્દ્રિયોની પકડમાં રહેલા, કષાયોને આધીન બનેલા , સંજ્ઞાઓના દાસ બનેલા, કર્મની બેડીઓમાં જકડાયેલા, જેની નજર હજી મોક્ષ તરફ મંડાયેલી નથી, જેના મન - મસ્તિષ્કમાં માત્ર સંસાર જ છવાયેલો છે, જે પુદ્‌ગલાનંદી છે, અધ્યાત્મની દિશામાં જેણે પગરવ માંડ્યા નથી, વિરાગે જેના જીવનમાં દેખા દીધા નથી, રાગે જેના પર પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું હોય, ભૌતિકસુખનો દાવાનળ જેમના આત્માને દઝાડતો હોય, ભોગનો જે ગુલામ હોય, દેહ - વૈભવ અને પરિવારનાં ગાઢ બંધનોથી જ બંધાયેલા હોય .... તેને તૃપ્તિ ક્યાંથી હોય ?

ભોગોપભોગની ગમે તેટલી સામગ્રી મળે ... પરંતુ તેની ભૂખ મટતી નથી.... જેની તૃષા - તૃષ્ણામાં દિન - પ્રતિદિન વૃદ્ધિ જ થાય છે. આવા જીવો પર જ્ઞાની ભગવંતોને ભારોભાર ભાવદયા - કરુણા જાગે છે. કાશ ! આ ભાવદયા કે કરુણાનો લાભ તે જીવોને પ્રાયઃ થતો નથી. પરંતુ જ્ઞાની પુરુષોને એકાંતે લાભ જ છે. કારણ, એ જીવોના આત્માનો વિચાર એ પરોપકારી મુનિવરોને હોય છે. દેહના - ઈન્દ્રિયના ગુલામ જીવોને જોઈ એમનું દિલ દ્રવી ઊઠે છે ! હૃદયમાં વેદના આકાર લે છે..... આટલું આટલું હોવા છતાં, વ્યસની દીકરાને સુધારવા જેમ બાપ મહેનત કરે, ઉપદેશ આપે, સારી શિખામણ આપે... છતાં દીકરાને અસર જ ન થાય, જાણે નિર્લજ્જ અને નિષ્ઠૂર ના હોય ! તેમ આ જ્ઞાની ભગવંતોની અસર પણ એવી જોવા મળે છે. કોઈ સુપુત્ર કુલદીપકની જેમ; કોઈ કોઈ ભવ્યાત્માઓ - માં જ્ઞાનીની એ ભાવદયાની અસર જોવા મળે છે. માટે જ તો જ્ઞાની ભગવંતો મહેનત ચાલુ રાખે છે. એ મહેનતનાં મીંઠાં ફળેય જોવા મળે છે. પહેલ પાડવાની પ્રક્રિયા હીરા પર જ થાય......પત્થર પર નહીં. એવા હીરાની સંખ્યા પત્થર કરતાં ઘણી - ઘણી અલ્પ જ હોય; એ સ્વભાવિક છે.

હવે શ્લોકની મૂળ વાતનું અનુસંધાન કરીએ. અતૃપ્તિના ચાર હેતુ બતાવ્યા છે. મતલબ, ચાર ચીજો ગમે તેટલી મળવાં છતાં, ગમે તેટલી ભોગવવા છતાં,

જીવો તૃપ્તિ પામતા નથી. ચારે ગતિમાં, ત્રણે કાળ આવા જીવો નિરંતર મળ્યા જ કરે છે.

ચાર ચીજોમાં પ્રથમનંબર આપ્યો છે : ધનને. માનવ મોટા ભાગે એવું માને છે કે ધન છે તો બધું જ છે. એથી જ તો કહેવત પડી .. સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે તમામ ગુણો ધન - વૈભવમાં જ રહેલા છે. ધનવાન આત્મા બેડોળ - કુરૂપવાળો હોય તોય પૂજાય છે. નિર્ધન વ્યક્તિ રૂપવાળી હોવા છતાં, તેવી પૂજાતી નથી. 'નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ' આ ઉક્તિ પણ ઉપરની વાતને જ પુષ્ટ કરે છે. તેથી જીવો ધન મેળવવા રાત - દિવસ પુરુષાર્થ કરે છે. હોય તેનાથી વૃદ્ધિ માટે હવાતિયાં મારે છે. મનના વિચારોમાં, બોલાતા શબ્દોમાં, અને કાયાની પ્રવૃત્તિમાં એનો જ રણકાર સંભળાતો હોય છે. ધન કમાવવાની લાહ્યમાં ભૂખ - તરસ, ઠંડી - ગરમી, ઊંઘ - આરામ બધું જ વિસરાઈ જાય છે. કાશ ! આ વૃત્તિ જો ધર્મ માટે આવી જાય તો બેડો પાર થઈ જાય, મુક્તિ મેળવતાં વાર ન લાગે ! સહન કરવાની તૈયારી જીવો પાપમાં રાખે છે, ધર્મમાં નહીં. પાપ માટે સહન કરેલું દુઃખ માટે થાય છે, નવું પાપ ઉપાર્જન કરાવનાર થાય છે. જ્યારે ધર્મ માટે સહન કરે તો પાપનો નાશ અને પુણ્યની પુષ્ટિ સાથે કર્મનિર્જરાનો ઉત્તમ ફાયદો થાય છે. કર્મના ઉદયે આવેલાં દુઃખો કરતાં સામે ચાલીને આવેલાં દુઃખને સહી લેવાનો ભાવ દુર્ધ્યાનથી ચોક્કસ બચાવે છે. શુભ ધ્યાનમાં પ્રગતિ કરાવે છે. એનો આનંદ પણ અદકેરો હોય છે.

ધનની પ્રાપ્તિની ઈચ્છા થઈ ત્યારથી જ પાપ ચાલું થઈ જાય છે. પાપ વિનાં ધનની પ્રાપ્તિ ક્યાં શક્ય છે ? ધન મળી ગયા પછી ભોગવવામાં સાચવવામાં પાપ જ છે. દુષ્કાળમાંથી આવેલા માનવને ખાવા પીવામાં ભક્ષ્ય કે અભક્ષ્યનો વિવેક રહેતો નથી, તેમ ધન કમાવવાની કે મેળવવાની લ્હાયમાં નીતિ - અનીતિનો વિવેક ભૂલાઈ જાય છે. અનીતિ - અન્યાય - ચોરી - જૂઠ આદિ પાપોને છૂટો દોર મળી જાય છે. પાપની જુગપ્સા ચાલી જાય છે. દુઃખનો ડર હોવા છતાં, દુઃખનાય કારણભૂત પાપનો ડર ચાલ્યો જાય છે. ધનના કારણે થતા ઝઘડા - ટંટા, મારામારી પણ ભૂલી જાય છે. 'જર, જમીન ને જોરુ ત્રણ કજિયાના છોરું' એ કહેવત માત્ર શ્રવણ કરવા યોગ્ય જ કે ગ્રથોમાં - નીતિશસ્ત્રાનાં પાનાંમાં જ રહે છે.

ધન કમાવા - સઘરવામાં પરિગ્રહનું પાપા પુષ્ટ થાય છે. લોભસંજ્ઞા વકરે છે. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનો એ ભોગ બને છે, જે નરકગતિના આયુષ્ય બંધનું



કારણ છે. મમત્ત્વભાવને જ શાસ્ત્રકારો પરિગ્રહ ગણે છે. મમત્ત્વ મૂર્ચ્છા હોય ત્યાં રાગ અને રતિ નામનાં પાપોને સહજ નિમંત્રણ મળી જાય છે. રાગ - રતિમાં દ્વેષ અને અરતિનો જન્મ થતાં વાર નથી લાગતી ! પછી તો પાપોની વણઝાર કેડો છોડતી નથી. પાપ આવ્યા પછી પાછળ જ દુઃખની હારમાળા ઊતરી આવે છે. દુર્ગતિ તેનું આતિથ્ય - સ્વાગત કરવા જાણ કે કંકુ - ચોખા - હારતોરા લઈને તૈયાર થઈ જાય છે. આ વિષચક્રમાંથી બહાર નિકળવાનું કાર્ય કઠીન થઈ જાય છે. આટ - આટલી અપાર વિડંબણાઓ હોવા છતાં જીવો ધનના વિષયમાં અતૃપ્ત જ રહ્યા છે. આવી અતૃપ્તિ વર્તમાનમાં જ દેખાય છે, એવું નથી. ભૂતકાળમાં પણ આવા અતૃપ્ત જીવો હતા અને ભવિષ્યમાં પણ રહેવાના - થવાના જ છે. માટે જ શ્લોકમાં એવો ઉલ્લેખ કર્યો છે 'याता यास्यन्ति यान्ति च'મતલબ ભૂત, ભવિષ્ય અને વર્તમાનઃ ત્રણે કાળમાં આવા જીવો હોય જ છે.

યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. જણાવે છે કે, સગર ચક્રવર્તી પુત્રોથી, ગાયોના ધણથી કુચીકર્ણ શ્રેષ્ઠી, ધાન્યના ઢગલાથી તિલક શેઠ અને નંદરાજા સોનાના પર્વત જેટલા ઢગલાથી પણ તૃપ્તિ પામ્યા નથી.....! જર - ઝવેરાત, સુવર્ણ - રજતાદિ, ધન - વૈભવથી તૃપ્તિ ક્યાંથી થાય ?દેવલોકમાંય અન્ય દેવોની રત્નાદિ સંપત્તિ અને દેવાંગનાઓને ઉપાડી જવાની ઘટના બને જ છે. ત્યાંય જીવોને તૃપ્તિ નથી. સંતોષ નામનો ગુણ આત્મસાત્ ન થાય ત્યાં સુધી અતૃપ્તિની આગમાં જીવો શેકાયા જ કરવાના. એ આગથી દાઝેલા જીવોને શાંતિનો સાચો ઉપાય તો મળતો નથી. બિચારા એ જીવોની હાલત કેવી દયનીય હોય છે ?

(ક્રમશઃ) ધ

## ★ મસૂર તીર્થ : શતાબ્દીનો શાહી ઉત્સવ - ૧ ★★★

**સંકલન**

મહારાષ્ટ્રનું મીઠું અને મશહૂર ગામ મસૂર; મીઠીવાણીના જાદુગર, મસૂરના સુપુત્ર, પિતા છોટુભાઈ અને માતા સોનુબેનના નંદન, સિદ્ધાંતની આરાધના રક્ષા અને પ્રભાવનાથી અજોડ પ્રભાવક બનેલા, અજોડ સ્મરણ શક્તિના સ્વામી, વિદ્વાનોની પંક્તિમાં અગ્રેસર, ગીતાર્થોની શ્રેણીમાં બિરાજમાન, પ્રાતઃ સ્મરણીય, અખંડબાલબ્રહ્મચારી પૂજ્યપાદ આચાર્યભગવાન શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી

મહારાજની જન્મભૂમિ છે. સુમતિનાથ પ્રભુની તીર્થભૂમિ છે.

આ મસૂરગામમાં આજથી ૧૦૦ વર્ષ પૂર્વે પંચમતીર્થપતિ, સુમતિદાયક શ્રીસુમતિનાથાદિ પાંચ - પાંચ નયનરમ્ય, સંપ્રતિકાલીન પરમાત્માની પાવન પ્રતિષ્ઠા થયેલ. તે શતાબ્દી પ્રસંગે પધારવા માટે, નિશ્રાપ્રદાન કરવા માટે ત્યાંનો શ્રીસંઘ ત્રણ - ત્રણ વર્ષથી ; પૂજ્યપાદ પરમગુરુદેવ 'સૂરિમિત્રાનંદ' ના પટ્ટધર આગમ - શિલ્પ - વિધિવિધાનવિશારદ, વિશદવ્યાખ્યાનકાર પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાને વિનંતી કરતો હતો. પરિણામસ્વરૂપ અમદાવાદથી વિહાર કરી પૂજ્યશ્રી મસૂર પધાર્યા. મસૂરની ૧૦૮ દિવસની તેઓશ્રીની સ્થિરતા દરમિયાન મસૂરના ધાર્મિક પરિસરની તથા સંઘની ઘણી રીતે કાયાપલટ થઈ છે.

જિનમંદિરમાં ઘણાં પરિવર્તનો થયાં. ગુરુમંદિરની દિશા અને સ્થાન પરિવર્તન થયું. સંઘ - મંગલભવનનું નિર્માણ થયું. સમગ્ર પરિસર રંગરોગાનાદિથી ઝળાહળ થયો. અંજનશલાકા - પ્રતિષ્ઠા, શતાબ્દી મહોત્સવ વગેરે શાસન પ્રભાવક, અવિસ્મરણીય, ઐતિહાસીક કાર્યો થયાં. ચોમેર મસૂરનો અને ગુરુદેવનો ડંકો વાગી ગયો ! ગુરુદેવની દિવ્યલોકથી પ્રત્યક્ષ કૃપા વરસી રહી હોય તેવી સૌને અનુભૂતિ થઈ. શતાબ્દી મહોત્સવે તો કીર્તિ - કળશની સ્થાપના કરી દીધી !! ભૂતકાળને ભૂલાવી દે, ભવિષ્યનું સંભારણું તો યુગો સુધી ન ભૂલાય તેવો એ મહોત્સવ હતો. જબરદસ્ત માહોલ હતો. ગામમાં રહેલાં તમામ જૈનનાં ઘરો ખૂલી ગયાં હતાં એટલું જ નહિ, બહેન - દિકરીઓના પરિવારથી ઊભરાતાં હતાં.

ત્રણે ટાઈમની નવકારશી (સાધર્મિકવાત્સલ્ય), વિવિધ પૂજનો, અનુષ્ઠાનો, પ્રભાતિયાં, ભાવના, પ્રવચનાદિનાં કારણે સેંકડો ભાવિકોથી ધર્મપરિસર નાનો પડતો હતો. કાર્યક્રમોથી દિવસ ભર્યો - ભર્યો લાગતો. શુદ્ધ વિધિ વિધાનો માટે વિધિના જાણકાર, અનુભવી ક્રિયાકારકોમાં અંજન - પ્રતિષ્ઠા માટે શ્રી નિખિલભાઈ રમણીકલાલ અને શાંતિસ્નાત્રાદિ માટે મનસુખભાઈ રીખવચંદ, શ્રીપાળભાઈ વગેરે પધાર્યા હતા. તેઓએ શુદ્ધ વિધિવિધાનો કરાવી પ્રભાવ વધાર્યો. પૂજ્ય વિધિવિધાનમર્મજ્ઞ આચાર્યભગવંતે ; ગુરુદેવ પાસેથી મેળવેલ અદ્‌ભુત જ્ઞાનવારસાનો; પ્રવચન, અંજન શલાકા - પ્રતિષ્ઠા, પૂજન - અનુષ્ઠાનોમાં અનુભવ કરાવ્યો. પૂજ્ય ગુરુદેવની કૃપાનું વિશિષ્ટ ભાજન બન્યાનો સૌને ખ્યાલ કરાવ્યો !



મસૂરના સંઘે તેઓશ્રીનાં માર્ગદર્શનને હોંશે - હોંશે વધાવ્યાં. પરિણામ પણ નિહાળ્યાં. શતાબ્દી નિમિત્તે થયેલા ૧૦૦ દિવસીય અનુષ્ઠાનોએ પણ આગવો પ્રભાવ પાડ્યો. એ અનુષ્ઠાનોથી વિશિષ્ટ ઉર્જા પેદા થઈ. ઉદારતાદિ ગુણોની વૃદ્ધિ થઈ.

સંગીતના માધ્યમથી ચઢાવામાં, અંજનશલાકામાં તથા શતાબ્દીના દિવસોમાં વિનીતભાઈ ગેમાવતે ભક્તિના રંગોથી સૌને રંગી નાખ્યા. બે - ત્રણ દિવસ ત્રિલોકભાઈ મોદીએ પણ રંગ જમાવ્યો હતો. પૂજ્યશ્રીનાં પ્રવચનો હિન્દીમાં થતાં હતાં. સરળ - લોકભોગ્યશૈલી અને સમજાવવાની પદ્ધતિના કારણે રસ જળવાતો હતો, વૃદ્ધિ પામતો હતો. બુલંદ અવાજના કારણે બધાને સ્પષ્ટ સંભળાતો હતો. તે- તે પૂજા - પૂજન - અનુષ્ઠાનોને અનુરૂપ પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં સમજણ આપતા હતા. તેનાથી ભાવોલ્લાસ વૃદ્ધિ પામતો હતો.

શતાબ્દી મહોત્સવના રોજ - રોજનાં પ્રભાતિયાંની પ્રભાવના, આંગીના લાભાર્થીઓના આદેશો અપાયા હતા. તે જ રીતે ત્રણ ટાઈમની નવકારશી ઉપરાંત છાશભક્તિ અને શરબત ભક્તિના પણ આદેશો અપાયા હતા. પૂજા - પૂજન અને અનુષ્ઠાનના પણ આદેશો; ચઢાવા દરમિયાન આપાયા હતા.

અંજનશલાકા - પ્રતિષ્ઠાના તથા શતાબ્દીના ચઢાવા આદેશો અલગ - અલગ ચાર દિવસોમાં બોલાયા. વરઘોડાના કેટલાક ચઢાવા બાદ કરતાં તમામ ચઢાવામાં શ્રી વિનીતભાઈ ગેમાવતની હાજરી હતી. વિનીતભાઈ ગેમાવતે ઘર જેવો વ્યવહાર રાખ્યો હતો. ભવિષ્યમાં મસૂરમાં કોઈ પણ દીક્ષાનો કાર્યક્રમ થાય તો માનદસેવા આપવાની જાહેરાત કરી હતી !

મસૂરમાં થયેલા કાર્યક્રમોની આછી રૂપરેખા અહીં રજૂ કરી છે. અનુમોદનાનું અમૃત પાથેય એમાંથી પ્રાપ્ત થશે.

► વિ. સં. ૨૦૭૪, ફા.વ.૩ તા. ૪-૩-૨૦૧૮ રવિવારે પૂ. ગુરુભગવંતોનો મંગલમય નગર પ્રવેશ થયો. ચઢાવાના દિવસે જાજન પાથરવાની બોલી તે સમયે બોલાઈ. ગુરુપૂજનનો ચઢાવો થયો. સંકલસંઘની તથા બહારગામથી પધારેલા સહુની સવાર - બપોરની નવકારશી (સાધર્મિકવાત્સલ્ય) થઈ. લગભગ ૫૦૦ ભાવિકોની ઉપસ્થિતિ હતી. ચૈત્રી ઓળીનો પણ આદેશ અપાયો.

► રોજ નિયમિત પ્રવચનો ચાલુ થયાં.

► ચૈ. સુ. ૬ તા. ૨૩-૩-૨૦૧૮ શુક્રવારે આંયબિલની ઓળીનો પ્રારંભ થયો. તે જ દિવસે મસૂરના સુપુત્ર, મહારાષ્ટ્રદીપક પૂજ્યપાદ ગુરુદેવનો ૧૫ મો સ્વર્ગારોહણ દિન હોવાથી ત્રિદિવસીય મહોત્સવનો પ્રારંભ થયો. એમાં પહેલા દિવસે ગુણોનુવાદ તથા રૂ. ૧૧૦ નું સંઘપૂજન થયેલ. બીજા દિવસે તા. ૨૪-૩-૨૦૧૮ ચૈ.સુ.૭ ના શુભ સમયે જાજમ બિછાવવા પૂર્વક અંજન - પ્રતિષ્ઠા તથા શતાબ્દીના ચઢાવાનો મંગળ પ્રારંભ થયો. સવારે ૯-૦૦ કલાકેથી શરૂ થયેલ એ પ્રસંગ સાંજે ૫-૩૦ કલાકે પૂર્ણ થયો. બન્ને ટાઈમની નવકારશીનો લાભ એક જ પાર્ટીએ લીધોઃ રાજેન્દ્રભાઈ બાબુલાલ શાહ.

► નાના ૫૧ ઘરના સંઘમાં ૩૦ ઓળી થઈ. છૂટા આંયબિલ તો ઘણાં થયાં. રોજની અનેક પ્રભાવના ઉપરાંત દરેક ઓળીવાળાનો લગભગ ૫૫૦ રૂ. ની પ્રભાવના તથા થેલા - નારિયેળ વગેરે અપાયું !

► ચૈ.સુ.૧૫ ના દિવસે સામૂહિક દેવવંદન કરાવાયાં, જેમાં લગભગ ૧૨૫ ભવિકોની સંખ્યા હતી. સૌને રૂ. ૧૦૦ ની પ્રભાવના આપવામાં આવી. દરેક દેવવંદનના ચઢાવા થયા.

► ચૈ.વ.૭ ના રોજ મસૂરથી કરાડતીર્થ (સંભવનાથ) નો છ'રી' પાલક સંઘ નીકળ્યો. દરેકયાત્રિકને પૂ. આ.ભ.ના ૫૭ વર્ષની ઉંમરના હિસાબે રૂ. ૫૭૦ ની પ્રભાવના અપાઈ. સંઘમાળા પહેરાવાઈ. કરાડમાં ત્રણ દિવસ પ્રવચનો થયા.

► ચૈ.સુ.૫, પૂ. નિશ્રાદાતા આ.ભ.ના જન્મદિવસે કેટલાક ચઢાવા થયા. જેમાં મુખ્યત્વે સુમતિ - મિત્ર - ભવ્યભવનના આદેશો અપાયા. અંતે સુરેશભાઈ નેમચંદભાઈ તરફથી નવકારશી કરાવાઈ.

► વૈ.સુ.૩ ના દિવસે પૂ.આ.ભ. શ્રીભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજના સંયમજીવનના ૪૦ મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ઉપકરણવંદનાનો કાર્યક્રમ થયો. અંતે નવકારશી તથા રૂ. ૧૫૦ નું સંઘ પૂજન થયેલ !

► વૈ.સુ.૮ ના દિવસે શ્રીસુમતિનાથજિનજન્મકલ્યાણક હોવાથી શ્રીસુમતિવિદ્યા પૂજન ભણાવાયું.

► પાષાણના ૨૭'' ના શ્રીચન્દ્રપ્રભસ્વામી ધાતુ ના ૧૧'' ૧૧'' ના શ્રી આદિનાથ - શ્રી શાંતિનાથ (પરિકર સાથે), ધાતુના શ્રીપુંડરીક સ્વામી તથા સ્ટેન્ડ સાથે ચાંદીના શ્રી સિદ્ધચક્રજીનું નિર્માણ; વિધિપૂર્વક મસૂરમાં જ થયું.

► વૈ.સુ. ૯ થી વૈ. સુ. ૧૫ અંજન પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજવાયો.



► વૈ. વ.૧૧ ના દિવસે સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમાધિ સુવર્ણ પર્વ (૫૦ વર્ષ) નિમિત્તે ત્રિદિવસીય ગુણાનુવાદ થયા. રૂ. ૧૧૦ નું સંઘપૂજન થયેલ. સાથે શાંતિદંડકના અભિષેકનું અનુષ્ઠાન થયેલ.

► બાકી અનેક પ્રકારના અભિષેક, જિનભક્તિના કાર્યક્રમો થયા. છેલ્લા કેટલાક દિવસોમાં ઘરે - ઘરે ભગવાન પધરાવી સ્નાત્ર ભણાવાયેલ.

► બોલીના દિવસોમાં, અંજનશલાકામાં તથા શતાબ્દીના મહોત્સવમાં સાઉન્ડ સિસ્ટમનો લાભ રતનશીભાઈ જેઠાભાઈ ખોના પરિવારના શરદભાઈ માણેકજી ભાઈએ લીધો. શ્રીસંઘે તેમનું બહુમાન કરેલ. તે જ રીતે તમામ નવકારશી વગેરે માટે રાયચંદ ભોજરાજ ભાટે પરિવારે પોતાનું મંગલ કાર્યક્રમ વાપરવા આપેલ. શ્રીસંઘે તેમનો પણ યોગ્ય સત્કાર કર્યો હતો.

શ્રીસંઘમંગલભવનના નિર્માણમાં એન્જીનિયર તરીકે સંજયભાઈ જીવરાજભાઈ ઓસવાલે માનદસેવા આપી હતી. તેમનો પણ સત્કાર કરેલ. તે જ રીતે ભોજન કમિટી - વેયાવચ્ચ કમિટી - વરઘોડા કમિટી - વિધિ સંગીત કમિટી, મંડપ, ડેકોરેશન - મહાપૂજન કમિટીના યુવાનો બહેનોએ ખૂબ સુંદર રીતે કામગીરી સંભાળી હોવાથી તમામનું બહુમાન કરવામાં આવેલ.

પૂજ્ય આચાર્ય ભગવંતે વિહાર પૂર્વે કેટલીક કમિટીઓનું ગઠન કરાવ્યું છે. તે તે ભાઈ - બહેનો પોતાની જવાબદારી અદા કરશે. જિનમંદિર ઉપાશ્રય - સંઘમંગલભવનાદિ એક જ સંકુલમાં હોવાથી અને નવા રૂપ - રંગમાં સુશોભિત થવાથી ભવ્યતા વધી ગઈ છે. વિહારના આગલા દિવસે તથા વિહારના દિવસે તમામ ભાગ્યશાળીઓને યોગ્ય હિતશિક્ષા પણ પૂજ્યપાદશ્રીજીએ પ્રદાન કરેલ. તેમાં તમામ કમિટીનાં કાર્યોની રૂપરેખા શ્રી જિનશાસનની મર્યાદા મુજબ આપી હતી. વિદાયની વસમી વેળાએ તમામની આંખોમાંથી અશ્રુની ધારા વહેતી હતી! આખું ગામ વળાવવા માટે આવેલ.

આગામી ચાતુર્માસ માટે મસૂર સંઘે પૂજ્યપાદ ગચ્છાધિપતીશ્રીજીને વિનંતિ કરી છે કે, પૂજ્યશ્રીના ચોમાસાની અમને અનુમતિ આપો. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીએ આશ્વાસન આપેલ છે. ઉત્સાહ અમાપ છે. ૧૧૦ દિવસમાં આવેલી જાગૃતિને ટકાવવા - વધારવા હજી ગુરુભગવંતોની જરૂર જણાય છે. શતાબ્દીનો વિશેષ અહેવાલ હવે પછી....

(ક્રમશઃ) ધ

# શીલ : શ્રેષ્ઠ આભૂષણ

**परमं मण्डनं शीलं, पालनीयं महोज्ज्वलम् ।**

**आमुष्मिकैहिकश्रीणां, निदानमिदमेव हि ।।**

શીલ એ શ્રેષ્ઠ આભૂષણ છે. એનું વિશુદ્ધ પાલન-રક્ષણ કરવું જોઈએ. આ લોક અને પરલોકરૂપી લક્ષ્મી - ઐશ્વર્યનું પણ એ જ કારણ છે.